# જેજેસી - લેડિઝ વિંગ-મુંબઈ ઈસ્ટ

C/o. રમેશ સ્ટોન સપ્લાય કાં, ૨, મ્યુનિસિપલ સ્કૂલ કંપાઉંડ, હિંગવાલા લેન,
ઘાટકોપર (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૭૭. * ફોન : ૨૫૦૧ ૦૪૨૦

પ્રિય સભ્યો બહેનો,

**પરીક્ષાઓ પુરી થઈ, ચુંટણીનો માહોલ જામ્યો છે
ત્યારે ચાલો માણીએ ઉનાળાની ગરમીમાં મનને મોજ કરાવતું
અને આજના સમાજની સમસ્યાને ઉજાગર કરતું નાટક**

આજના સમય વોટ્સએપ અને ફેસબુક જેવા ડિજિટલ મિડિયાનો છે. બાળકો, યુવાનો વયસ્કોથી માંડીને સહુકોઈ અને ખાસ કરીને ગૃહિણીઓ પણ હવે મોબાઈલમાં આવતા મેસેજિસને વાંચવામાં અને તેમાંથી અનેક મેસેજિસને વાયલ કરવામાં કુશળ બની ગયાં છે. તો, જ્યાં જોઈએ ત્યાં સહુંકોઈ મોબાઈલમાં મગ્ન જોવા મળે છે. કોઈ ગેમમાં તો કોઈ વિડિયો જોવામાં મશગૂલ દેખાય છે... મોબાઈલનું વળગણ વાઈરલ થઈને ચારેકોર પ્રસરી ગયું છે.

નવું ફાયનાન્શિયલ વર્ષ શરૂ થઈ ગયું છે અને પરીક્ષાઓ પૂરી થવામાં છે કે થઈ ગઈ છે. ચુંટણીના ચમકારા માણતાં માણતાં ચાલો નિહાળિએ એક એવું નાટક જે જેમાં મોબાઈલના ઉપયોગ અને દુરોપયોગની વાતને વણી લેવામાં આવી છે. એક ગૃહિણી એટલે કે વીણાબેનના પુત્રને મોબાઈલની એવી આદત પડી જાય છે કે એ ગેમ રમતાં રમતાં અકસ્માતનો ભોગ બને છે અને પછી તો વીણાબેન જંનહિતની અરજી કરીને કોર્ટમાં જાય છે. તેમના વિચારો વાયરલ થાય છે, સંબંધો વાયરલ થાય છે અને હસ્ય અને રમુજની સાથે બદલાતા યુગમાં ઉભા થયેલાં પ્રશ્નોની સામે લાલબત્તી ધરવાની વાત આ નાટકમાં વણી લેવાઈ છે...




**ગુરૂવાર, તા. ૨૫-૦૪-૨૦૧૯**

**કાર્યક્રમ સમય : બપોરે ૩.૦૦ ક. થી**

**સ્થળ : ઝવેરબેન પોપટલાલ સભાગૃહ, ઘાટકોપર**

**SORRY NO SNACKS NO DINNER**

J. J. C. CENTRAL BOARD
INWARD NO.:- 7771
CHAIRMAN:-
SEC. GENERAL:-
SECRETARY:
DATE: 16-4-2019

**સૂચના**
- કાર્યક્રમના પાસ કાર્યક્રમ સ્થળેથી નિર્ધારિત સમયથી અડધા કલાક અગાઉ આપવામાં આવશે.
- કાર્યક્રમ બરાબરા ૩.૧૫ કલાકે શરૂ કરી દેવામાં આવશે.
- **કાર્યક્રમના પાસ ફકત આઈ-કાર્ડની સામે મેળવવાના રહેશે તેની ખાસ નોંધ લેશો.**

**પ્રમુખ અને કાર્યવાહક કમિટીના
જય જિનેન્દ્ર**